**સેશન્સ કેસ નં.૧૫૬/૨૦૧૮ તથા ૧૫૭/૧૮ તથા ૯૬/૧૯ તથા ૪૮/ ૧૯ તથા ૪૯/ ૨૦ તથા ૧૪૧/૨૧ તથા ૧૩૬/૨૩ ના કામે ચાર્જશીટ લગત હુકમ**

(૧).. આ કામે આરોપીઓ વિરૂધ્ધ વિજાપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૫/૨૦૧૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૧૨૦(બી),૩૩૨,૩૫૩,૩૩૭,૧૪૩,૧૪૪,૧૪૫,૧૪૭, ૧૪૮,૧૪૯,૪૨૭,૧૮૬,૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ-૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨).. તપાસ કરનાર અમલદારશ્રીએ સદરહુ ગુના કામે સૌપ્રથમ માત્ર પાંચ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ અને તે કમીટ કરવામાં આવતા સેસન્સ કેસ રજીસ્ટરે સેસન્સ કેસ નં.૧૫૬/૨૦૧૮ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે એક(૧) આરોપી વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ રજુ કરેલ જે કમીટ કરવામાં આવતા સેસન્સ કેસ રજીસ્ટરે ૧૫૭/૨૦૧૮ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે એક(૧) આરોપી વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ રજુ કરેલ જે કમીટ કરવામાં આવતા સેસન્સ કેસ રજીસ્ટરે ૪૮/૨૦૧૯ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે એક(૧) આરોપી વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ રજુ કરેલ જે કમીટ કરવામાં આવતા સેસન્સ કેસ રજીસ્ટરે ૯૬/૨૦૧૯ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે એક(૧) આરોપી વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ રજુ કરેલ જે કમીટ કરવામાં આવતા સેસન્સ કેસ રજીસ્ટરે ૪૯/૨૦૨૦ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ.ત્યારબાદ તપાસ કરનાર અમલદારે એક(૧) આરોપી વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ રજુ કરેલ જે કમીટ કરવામાં આવતા

સેસન્સ કેસ રજીસ્ટરે ૧૪૧/૨૦૨૧ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે નવ(૯) આરોપીઓ વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ રજુ કરેલ જે કમીટ કરવામાં આવતા સેસન્સ કેસ રજીસ્ટરે ૧૩૬/૨૦૨૩ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ.

(૩).. આમ, ફરિયાદપક્ષ દ્વારા એકજ ગુનાની એફ.આઈ.આર.થી દાખલ થયેલ હોય અને સાહેદો પણ તમામ કેસમાં એક જ હોય વિ.એડી.પી.પી.શ્રી દ્વારા આંક–૧૦ તથા ૨૬ થી કેસો કોન્સોલીટેડ કરવાની અરજી રજુ કરતા તે અરજી લગત હુકમ કરી **સેસન્સ કેસ નં.૧૫૬/૨૦૧૮** ને **મુખ્ય કેસ** તરીકે ગણી તમામ કેસોનો પુરાવો સંયુક્ત રીતે નોંઘવાનો હુકમ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ દ્વારા એક(૧) પંચસાહેદને તપાસી આંક–૩૪ થી હથીયાર કબજે કર્યાનુ આ સાહેદના પુરાવા દરમ્યાન પંચનામુ રજુ કરવામાં આવેલ છે અને બાકીના સાહેદોને તપાસવાના બાકી છે.

(૪).. આમ, કેસ ફરિયાદપક્ષના પુરાવાના સ્ટેજે ચાલી આવેલ તે દરમ્યાન ફરિયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રીએ આજરોજ આંક–૩૫ થી સદરહુ કેસો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૨૧ અન્વયે પરત ખેચવા પરવાનગી માંગતી અરજી રજુ કરતા તે અરજી અન્વયે વિ.એડી.પી.પી.શ્રીને વિગતવાર સાંભળવામાં આવેલ છે અને પરવાનગી અરજ ગ્રાહ્ય રાખતા વિ.એડી.પી.પી.શ્રી તરફે આંક–૩૭ થી વિજાપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૫/૨૦૧૮ ના કામે દાખલ કરવામાં આવેલ કેસો પરત ખેંચવાની પુરસીસ રજુ કરેલ છે. આ પુરસીસ સાથે જીલ્લા મેજી.શ્રી કચેરી, મહેસાણા દ્વારા નં.MAG/વસી/૫૨/૨૦૨૬, તા.૧૩–૧–૨૬ ના રોજ જીલ્લા મેજી.શ્રીની કચેરી, મહેસાણાનો કેસો પરત ખેચવા બાબત જીલ્લા પબ્લીક પ્રોસીકયુટરને લખેલ પત્રની નકલ

આંક–૩૬ થી રજુ કરેલ છે અને સદરહુ પત્રમાં વિજાપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૫/૨૦૧૮ ના કેસો સબબ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૨૧ મુજબની કાર્યવાહી કરવા જણાવવામા આવેલ છે.

આ તબક્કે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૨૧ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, વિ.પબ્લીક પ્રોસીકયુટર અથવા તો આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર અદાલતની સંમતીથી ચુકાદો જાહેર કરવામાં આવે તો પહેલા કોઈપણ સમયે કેસ પરત ખેંચી શકે છે. આંક–૩૫ ની પરવાનગી અરજી નીચે કરવામાં આવેલ વિગતવાર હુકમ અનુસાર જયારે ઘણા મોટા અને સંવેદનશીલ જાહેર હિતના મુદ્દાઓ કેસને સ્પર્શ કરતા હોય ત્યારે વિ.એડી.પી.પી.શ્રી રાજય સરકારની સુચના મળ્યેથી જાહેર ન્યાયના હેતુને ધ્યાને રાખી સરકારે કેસો પરત ખેચવા માટે વિ.એડી.પી.પી.શ્રીને આપેલ સુચના મુજબ તેઓએ સંવેદનશીલ અને જાહેર નીતીના વ્યાપક ઉદ્દેશોને ધ્યાને રાખી જાહેર વ્યવસ્થા અને ન્યાયના હેતુઓને ધ્યાને રાખી કેસો પરત ખેચેલ હોવાનુ જાહેર કરેલ છે અને જેથી સદર કેસોની ઈન્સાફી કાર્યવાહી હવે આગળ ચલાવવાની રહેતી ન હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) ફરિયાદપક્ષ દ્વારા **વિજાપુર પો.સ્ટે.ફ.ગુના રજી.નં.૫/૨૦૧૮** ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૧૨૦(બી), ૩૩૨,૩૫૩, ૩૩૭, ૧૪૩, ૧૪૪,૧૪૫,૧૪૭, ૧૪૮, ૧૪૯,૪૨૭,૧૮૬,૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી એકટ કલમ–૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ના કામે દાખલ થયેલ આ તમામ કેસો **સેશન્સ કેસ નં.૧૫૬/૨૦૧૮, ૧૫૭/૧૮, ૯૬/૧૯, ૪૮/૧૯, ૪૯/૨૦,૧૪૧/૨૧,૧૩૬/૨૩**

ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૨૧ ની જોગવાઈ અન્વયે પરત ખેચવાની જાહેરાત આંક–૩૭ ની પુરસીસથી કરેલ હોઈ અને તે પુરસીસ કામમાં દાખલ કરવામાં આવેલ હોઈ, આ તમામ સેસન્સ કેસો તે મુજબ ફેસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આ તમામ સેસન્સ કેસોના કામે તમામ આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી દેવામાં આવેલ હોઈ તમામ આરોપીઓને તેમની વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) તમામ આરોપીઓના જામીન તથા લેવામાં આવેલ જાતમુચરકા આથી રદ્દ કરવામાં આવે છે.

(૪) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામા આવે છે તેમજ મુદ્દામાલ વાહનો સબબ જો વચગાળાના તબક્કે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને તે વચગાળાના હુકમ સમયે જો કોઈ શરતો લાદવામા આવેલ હોય તો તે શરતો આથી રદ્દ કરવામાં આવે છે. જો વાહનો લગત અગાઉ કોઈ હુકમ થયેલ ન હોય તો માલીકીપણાની ખરાઈ કરી તેના ખરા માલીકને પરત કરવાનો હુકમ કરવામા આવે છે અન્યથા જો કોઈ મુદ્દામાલ કલેઈમ કરનાર મળી ન આવે તો નિયમોનુસાર કાર્યવાહી કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આથી કચેરીને આદેશ કરવામાં આવે છે કે, આ હુકમ મુખ્ય સેશન્સ કેસ નં.૧૫૬/૨૦૧૮ માં રાખવો તથા આ હુકમની એક એક નકલ ૧૫૭/૧૮, ૯૬/૧૯, ૪૮/૧૯, ૪૯/૨૦, ૧૪૧/૨૧, ૧૩૬/૨૩ ના કામે રાખવી.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ ૩૦ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યા.

તારીખ–૩૦/૦૧/૨૦૨૬.
સ્થળ – મહેસાણા.

(જીતેન્દ્રકુમાર એસ.પ્રજાપતિ)
સાતમાં એડીશ્નલ સેશન્સ જજ
GJ–00931,મહેસાણા

Nms